જા.નં./મકમ/મા-૩/૨૦૨૫/ ૬૯૧૭

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૦૬-૦૬-૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત.

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/જ્ઞાનસહાયક/૫/૨૦૨૫/૫૭૩૬-૫૭૭૪ તા.૦૬-૦૬-૨૦૨૫ના પત્રની જાણ તથા અમલવારી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત.

ક્રમાંક: ઘ/માધ્ય/જ્ઞાનસહાયક/૫/૨૦૨૫/ ૫૭૩૬-૫૭૭૪

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર
ગુજરાત રાજ્ય.
તા.૦૬/૦૬/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ.

વિષય: જ્ઞાન સહાયકોના કરારની મુદત વધારવા બાબત.

સંદર્ભ: (1) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.), તા.૧૦/૦૭/૨૦૨૩

(2) માનનીય શિક્ષણમંત્રીશ્રી(કેબિનેટ)ના તા.૦૬/૦૬/૨૦૨૫ના રોજ મળેલ રૂબરૂ સૂચન મુજબ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઉક્ત સંદર્ભના ઠરાવથી રાજ્યની સરકારી તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના" વર્ષ ૨૦૨૩-૨૪ થી શરૂ કરેલ છે.

જ્ઞાન સહાયકની નિમણૂક અન્વયે કરાર બાબતે ઉક્ત શિ.વિના ઠરાવના ક્રમ-૩ (જ્ઞાન સહાયકોની સેવાકીય વિગતો)ના ક્રમ-૬(કરાર કરવાની સત્તા) મુજબ " કરાર સરકારી શાળાઓ માટે 'શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ (SMDC)' તથા બિનસરકારી અનુદાનિત શાળાઓ માટે શાળા સંચાલક મંડળ દ્વારા કરવાનો રહેશે. કરારના અંતે કામગીરીની સમીક્ષા કરવામાં આવે અને સમીક્ષાના આધારે યોગ્ય અને જરૂર જણાયે નવેસરથી કરાર કરી શકાશે' ની જોગવાઇ ઠરાવેલ છે.

ઉક્ત વિગતે ઠરાવના ક્રમ-૪ (માર્ગદર્શક સૂચનાઓ અને શરતો)ના ક્રમ-C અને ક્રમ-Dની જોગવાઇઓને ધ્યાને રાખી તે શરતો જેમકે 'શાળા કક્ષાએ નિયમિત શિક્ષકોની ભરતી થતાં અથવા પ્રસૂતિની રજા કે લાંબી રજા પર ગયેલ શિક્ષક પાછા ફરે અથવા સરકારી શાળામાં બદલીથી અને બિનસરકારી અનુદાનિત શાળામાં ફાજલ શિક્ષક હાજર થયેથી છુટા કરવાના રહેશે.' ને આધીન રાજ્યની સરકારી અને બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોના કરારની મુદત વધારવાની થાય છે. જે અન્વયે તાત્કાલિક નિયમાનુસારની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવાની રહેશે.

માન.નિયામકશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અનુસાર

સંયુક્ત નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન. અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, સ્વર્ણિમ સંકુલ-૧, પ્રથમ માળ, સચિવાલય, ગાંધીનગર (માન. મંત્રીશ્રીના વંચાણે મુકવા સારૂં)
- માન. અંગત મદદનીશશ્રી, માન.અગ્ર સચિવશ્રી, પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- માન.અંગત મદદનીશશ્રી, માન.નિયામકશ્રી, કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર